# સપ્ટેમ્બર અંતથી કોરોનાનુ સંક્રમણ ઘટશે : આગાહી

**આગામી તા ૧૩ સપ્ટેમ્બરથી ગુરુમાર્ગી થશે : ૨૯ સપ્ટેમ્બર રાહુનો વૃષભ રાશિમાં પ્રવેશ થતા કોરોનાનુ સંક્રમણ ઘટશે, તિવ્રતા પણ ઓછી થશે : ૨૯ સપ્ટેમ્બર બાદ કોરોનાની અસરકારક કાટ મળે તેવી પણ સંભાવના : જાણીતા જયોતિષી પરેશ સી. પટેલ**

ગાંધીનગર તા ૭

ગત ડિસેમ્બર મહીનામાં ૫ ગ્રહોની યુતિ થઇ હતી. ગુરુ રાહુ, સુર્ય રાહુ અને શનિ રાહુના સમ સપ્તક યોગમાં કોરોનાનો જન્મ થયો હતો. જયારુ ગુરુ રાહુની પ્રતિયુતિના લીધે કોરોનાની અસર વધતી ગઇ. આજના દિવસોમાં કોરોનાનુ સંક્રમણ વધી રહ્યુ છે.



**● ૫ એપ્રિલે ગુરુની સ્થિતિ બદલાતા કોરોના મહદઅંશે નાબુદ થવાની સંભાવના**

**● એપ્રિલમાં જનજીવનને હાશકારો થશે**

જુન ૨૦૨૦ના અંતથી કોરોનાનુ સંક્રમણ દેખીતી રીતે વધ્યુ છે.પરંતુ કોરોનાના કહેરમાંથી આગામી ૧૩ સપ્ટેમ્બરથી રાહત મળવાની સંભાવના છે. નગરના જાણીતા જયોતિષાચાર્ય પરેશ સી પટેલે આ અંગે જણાંવ્યુ છે કે સપ્ટેમ્બરના બીજા સપ્તાહથી કોરોનાનુ જોર ધીમે ધીમે ઘટશે જયારે ૨૯ સપ્ટેમ્બરથી શનિ માર્ગી થતા કોરોનાનુ સંક્રમણ ઘટવાની સાથે ભય પણ ઓછો થશે આ દરમિયાન કોરોનાને માત કરી શકાય તેવો કોઇ ઉપાય પણ મળવાની સંભાવના છે. જયારે તા ૫ એપ્રિલ બાદ ગુરુની સ્થિતિ બદલાતા કોરોના મહદઅંશે નાબુદ થઇ જશે અને જનજીવન પણ સામાન્ય બનશે.

ડિસેમ્બર ૨૦૧૯માં તા ૨૫ ના રોજ ૫ ગ્રહોની યુતિ થઇ હતી જેમાં ગુરુ રાહુ , સુર્ય રાહુ અને શનિ રાહુનો સમસપ્તક યોગ બન્યો હતો. આ સમયગાળામાં કોરોનાનો જન્મ થયો હતો. આ વિષાણુજન્ય મહામારી શનિ રાહુ અને સુર્ય રાહુની પ્રતિયુતિ છુટી પડવા છતા ગુરુ રાહુની પ્રતિયુતિના કારણે કોરોનાની મહામારીએ જોર પકડયુ હતુ. ત્યારબાદ તા ૨૯ જુન વર્ષ ૨૦૨૦થી ગુરુ ધનમાં વક્રી થતા રાહુ અને કેતુ તેમની વક્ર ગતિના કારણે ગુરુ સાથે વધારે સંયોજનમાં આવ્યા હતા તા ૧૩ સપ્ટેમ્બરથી ગુરુ વક્ર ગતિએ ચાલી રહ્યા છે. તા ૨૯ જુનથી ૧૩ સપ્ટેમ્બર સુધી દેખીતી રીતે કોરોનાનુ સંક્રમણ વધી રહ્યુ હોવાનુ માલુમ થાય છે. તે જોતા એવુ પ્રતિત થાય છે તા ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૦ થી ગુરુમાર્ગી થશે ત્યારથી અને ૨૩ સપ્ટેમ્બર -૨૦ થી રાહુનુ વૃષભ રાશિમાં ભ્રમણ થશે ત્યારથી કોરોનાનુ સંક્રમણ હળવુ થશે.

**સપ્ટેમ્બરથી ઓકટોબર સુધી યુધ્ધની સ્થિતિનુ નિર્માણ થવાની પણ સંભાવના**

ગાંધીનગરના જાણીતા જયોતિષાચાર્ય પરેશ સી પટેલના જણાંવ્યા મુજબ તા ૯ સપ્ટેમ્બરથી ૪ ઓકટોબર સુધી મંગળ ગ્રહ વક્રી થશે જયારે ગુરુ શનિ પણ સપ્ટેમ્બરમાં માર્ગી થઇ રહ્યા છે આ દરમિયાન યુધ્ધની સ્થિતિ પણ સર્જાય તેવી શકયતા છે. મોટાગ્રહો વક્રી કે માર્ગી થતા હોય ત્યારે પૃથ્વી તત્વ પર અસર થતી હોવાથી નાના મોટા ધરતીકંપના આંચકા પણ આવતા હોય છે.

● અનુસંધાન પાન-૭ પર

# મનપાના નવા સીમાંકન મુદ્દે આજે પ્રદેશ નેતાઓની હાજરીમાં કવાયત

**બે ભાગમાં બેઠક મળશે આ પછી સર્વગ્રાહી સીમાંકન માટે તંત્રને રજુઆત કરાશે**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગર પાલિકાની હદમાં વધારો કરવાના નિર્ણય પછી જાગેલા સીમાંકનના વિવાદને લઈ આજે પ્રદેશ નેતાગીરી દરમ્યાનગીરી કરશે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર મહાનગરપાલિકાના નવા સીમાંકન અંગે જાગેલા વિવાદને પ્રદેશ નેતાગીરીએ અત્યંત ગંભીરતાથી નોંધ લીધી છે. આજે સીમાંકન બાબતે શહેરના આગેવાનો સાથે સવારે બેઠક અને ગ્રામીણ વિસ્તારના આગેવાનો સાથે બપોર પછી બેઠક યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પ્રભારી મંત્રી કૌશિક પટેલ, પ્રદેશ પ્રમુખ પાટીલ, સંગઠ્ઠનના મહામંત્રી ભીખુભાઈ દલસાણિયાની ઉપસ્થિતિમાં આ બે બેઠકો અલગ અલગ સમયે મળશે. આ બેઠકમાં શહેર સંગઠ્ઠનના ઈન્ચાર્જને પણ હાજર રહેવા માટે જણાવાયુ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરની હદ વધારવાનો નિર્ણય કર્યા પછી મનપામાં નવા ૩ વોર્ડ બનાવવાનો નિર્ણય રાજ્ય સરકારે જાહેર કર્યો હતો.

આ પછી રાજકીય પક્ષ ભાજપ દ્વારા ઉતાવળે સીમાંકન કરી અને તેમની રજુઆતો ગ્રાહ્ય રાખવા માટે કલેક્ટરને રજુઆતો કરી દેવાઈ હતી. આ બાબતો લીક થતાં જ ભારે હોબાળો ભાજપમાં જ નહિ પણ શહેરના રાજકીય વર્તુળોમાં પણ ઉભો થયો હતો.

આ મુદ્દે સંગઠ્ઠન સહિતના ઘણા બધા આગેવાનો, ગ્રામ્ય વિસ્તારના આગેવાનોએ પણ વિરોધી સૂર વ્યક્ત કર્યો હતો. આ વિવાદની ગંભીરતાને પામી ગયેલ પ્રદેશ નેતાગીરીએ હવે આ રજુઆતોને મુદ્દે ગંભીરતા ધારણ કરી છે અને સંગઠ્ઠન, કાર્યકરો, ચૂંટાયેલી પાંખ બધાને સાથે રાખી આગળ વધવામાં આવે તેવુ મન બનાવી લીધુ છે.

ગાંધીનગર મનપાનું સીમાંકન ૨૦૧૧ની વસ્તી ગણતરીના પરિણામોને ધ્યાને રાખીને કરવામાં આવનાર છે. શહેરમાં હાલ ૮ વોર્ડ આવેલા છે.

રાજકીય વર્તુળોમાંથી મળતા નિર્દેશો પ્રમાણે રાજકીય હિતોને ધ્યાને રાખી સિમાંકન તૈયાર કરી તંત્રને રજુઆત કરવામાં આવી હોવાથી પ્રદેશ નેતાગીરી ચોંકી ઉઠી છે.

મળતા નિર્દેશો મુજબ મનપાની નવી હદમાં ગાંધીનગર(દ) અને ગાંધીનગર(ઉ) વિધાનસભાના વિસ્તારને સમાવવામાં આવ્યો છે. જેમાં એક નગરપાલિકા ઉપરાંત ૧૮ ગામનો સમાવેશ થાય છે.

નવા સીમાંકન ઝીણ્રાનો અમલ થાય અને સર્વસંમત સીમાંકન તૈયાર થાય તેવો હેતુ આ બેઠકનો છે.

શહેરની વર્તમાન વોર્ડની સંખ્યામાં બે નો ઘટાડો થઈ શકે તેવા સંકેતો મળી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કોરોનાના વધુ ૧૫ કેસ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાંથી કોરોનાના આજે વધુ ૧૫ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૯૨૦ પર પહોંચી છે.

શહેરમાં આજે ૩ નાયબ સેક્શન અધિકારી, એક સિનીયર સાયન્ટીસ્ટ, એક શોપકીપર, એક વેપારી, એક હેડ ક્લાર્ક, બેંક સેવક, એક સ્ટાફ નર્સ કોરોનાની ઝપટમાં આવી ગયા છે.

**સિની. સાયન્ટીસ્ટ, ૩ ડે.એસ.ઓ., શોપકીપર, હેડક્લાર્ક, સ્ટાફ નર્સ પણ કોરોનાની ઝપટમાં : સે. ૫ માંથી ૩ કેસ, સે. ૭ માંથી ૨ અને સે. ૪ માંથી ૨ કેસ ઉપરાંત સે. ૨૩, ૧૫, ૧૩, ૮, ૧, ૨૦, ૩ માંથી પણ કેસ મળી આવ્યા**

આજે સે. ૫ માંથી ૩ કેસ, સે. ૭ માંથી ૨ અને સે. ૪ માંથી બે કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત સે. ૨૩, સે. ૧૫, સે. ૨૮, સે. ૧૩, સે. ૮, સે. ૧ અને સે. ૨૦ માંથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં કોરોના સંક્રમણના વધતા જતા કેસોને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. જો કે રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે. શહેરમાં હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી રહેલા દર્દીઓની સંખ્યા પણ ૭૫ ને પાર કરી ગઈ છે. આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમનો ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં અત્યાર સુધીમાં ૭૨૬ દર્દીઓ કોરોના મુક્ત થયા છે.

આજે સે. ૨૩માં રહેતા અને પોલીસ ભવનમાં સેવક તરીકે સેવારત એક ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૫ માંથી આજે ૩ કેસ મળતાં તંત્ર હવે વધુ ગંભીર બન્યુ છે. મળતી વિગતો પ્રમાણે સે. ૫ માંથી આજે ૬૫ વર્ષીય નિવૃત્ત

● અનુસંધાન પાન-૭ પર

# સચિવાલયમાં સતત ચોથા દિવસે ૫૯૦ કર્મયોગીઓના રેપીડ ટેસ્ટ કરાયા

**સ્વર્ણિમ સંકુલ-૧માં મુખ્યમંત્રી કાર્યાલયના ૨ અને નાયબ મુખ્યમંત્રી કાર્યાલયના એક કર્મચારીને કોરોના પોઝિટિવ : કુલ ચાર પોઝીટીવ**

ગાંધીનગર, તા. ૭

મુખ્યમંત્રી કાર્યાલયના મુખ્ય વર્ગ-૪ કર્મચારી કોરોનાથી સંક્રમિત થયા છે. જેઓ રોજ સવારે કચેરી ખોલે છે અને સાંજે કચેરી બંધ કરે છે. તેમની મુખ્ય જવાબદારીના કારણે કચેરીના કામકાજ પર ઘેરી અસર પડશે. આ ઉપરાંત મુખ્યમંત્રી કાર્યાલયના બીજા એક વર્ગ-૪ કર્મચારી પણ કોરોનાથી સંક્રમિત થયેલ છે. જ્યારે નાયબ મુખ્યમંત્રી કાર્યાલયમાં એક વર્ગ-૪ કર્મચારી પણ કોરોનાથી સંક્રમિત થયા છે.

કોરોનાના સંક્રમણને કાબુમાં લેવા આક્રમક ટેસ્ટીંગનો વ્યુહ અપનાવાયો છે. સચિવાલયના કર્મચારીઓની સુરક્ષા માટે રેપીડ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. સોમવારે વધુ ૫૯૦ કર્મચારીઓમાં ટેસ્ટ કરવામાં આવતા ચાર કર્મચારીઓના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

સરકારી કર્મચારીઓમાં કોરોનાનુ સંક્રમણ વધી રહ્યુ હોવાના મામલા સામે આવ્યા બાદ સરકારી કચેરીઓમાં રેપીડ એન્ટીજન ટેસ્ટ કરવાનો નિર્ણય લેવાયો હતો. જે અંતર્ગત છેલ્લા ચાર દિવસથી નવા સચિવાલયની તમામ કચેરીઓમાં કોરોના ટેસ્ટ કરવાની કવાયત ચાલી રહી છે. દરરોજ બે થી ત્રણ બ્લોકમાં આવેલી કચેરીઓના કર્મચારીઓના ટેસ્ટ થઈ રહ્યા છે. સોમવારે સ્વર્ણિમ સંકુલ-૧ સહિતની વિવિધ કચેરીઓમાં કર્મચારીઓના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. એક જ દિવસમાં રેકોર્ડ ૫૯૦ ટેસ્ટ કરવામાં આવતા ચાર કર્મચારીઓનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ ચાર કર્મચારીઓ પૈકી બે કર્મચારીઓ મુખ્યમંત્રી કાર્યાલયના અને એક કર્મચારી નાયબ મુખ્યમંત્રી કાર્યાલયનો છે. મુખ્યમંત્રી કાર્યાલયમાં જ બે કર્મીઓને પોઝીટીવ આવતા ફફડાટ મચી જવા પામ્યો હતો. દરરોજ અસંખ્ય વીઆઈપીઓની અવરજવર રહે છે તેવા સ્વર્ણિમ સંકુલના કર્મીઓનો રિપોર્ટ પોઝીટીવ આવતા મંત્રીઓ, ધારાસભ્યો અને મહાનુભાવોમાં પણ ભય ફેલાયો છે.

# ગ્રામ્ય વિસ્તારમાં યુવાઓ સંક્રમિત વધુ થયા

**વધુ બે દર્દીના સારવાર દરમ્યાન મોત : ગ્રામ્ય વિસ્તારમાં નવા ૨૦ કેસ જેમાં ગાંધીનગર-કલોલમાં ૯-૯ કેસ તો દહેગામમાં બે કેસ : અંતરિયાળ ગામોમાં કોરોના પ્રસર્યો**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી કોરોનાના આજે વધુ ૨૦ કેસ મળી આવ્યા છે. જિલ્લામાં નોંધાયેલા ગ્રામ્ય વિસ્તારના કેસો પૈકી આજે વધુ બે દર્દીના સારવાર દરમ્યાન મોત નીપજ્યા છે. આજે સૌથી ગ્રામ્ય યુવાઓ સંક્રમિત થયા છે.

મળતી વિગતો મુજબ આજે મૃત્યુ પામેલ બન્ને દર્દી ગાંધીનગર તાલુકાના છે. જેમાં એક ૩૫ વર્ષીય યુવાન અને ૭૩ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં જે રીતે મૃત્યુદર વધી રહ્યો છે તેને લઈ તંત્રની ચિંતા વધી રહી છે. મળતી વિગતો પ્રમાણે ૭૩ વર્ષીય મહિલા ૨૮મી ઓગષ્ટથી સારવાર પર હતી. જ્યારે યુવાન બે દિવસ પૂર્વે જ અર્થાત ૪ સપ્ટેમ્બરના રોજ કોરોનાની સારવાર માટે દાખલ થયો હતો.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોનાથી વધતા જતા મૃત્યુદરને લઈ ગ્રામીણ પ્રજામાં ભયની લાગણી ઉભી થવા પામી છે. તંત્ર દ્વારા ટેસ્ટ, ટ્રેક અને ટ્રીટમેન્ટની આક્રમક રણનીતિમાં પણ આ ભય અંતરાયરૂપ બની રહ્યો હોવાની વાતો લોકજીભે ચર્ચાનો મુદ્દો બની છે.

મળતી વિગતો પ્રમાણે આજે ગાંધીનગરમાંથી ૯, દહેગામમાંથી ૨ અને કલોલમાંથી ૯ કેસ મળી આવ્યા છે.

ગાંધીનગરના ગોંદરે આવેલ વાસણા હડમતિયા વિસ્તાર જે સરગાસણની હદમાં છે ત્યાંથી એક નવ વર્ષની દિકરી અને ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અડાલજમાંથી ૫૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

હોટસ્પોટ બનેલ કુડાસણ ગામેથી આજે વધુ બે કેસ મળતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. કુડાસણમાંથી એક ૩૫ વર્ષીય યુવક તેમજ ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આલમપુર મિલીટ્રી સ્ટેશનમાં પણ આજે વધુ બે કેસ નોંધાતા તંત્ર સતત દોડતુ રહ્યુ હતુ. આ સ્ટેશનમાંથી ૩૮ વર્ષીય પુરૂષ અને ૩૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સરગાસણ ગામમાંથી ૪૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઉવારસદ ગામેથી પણ ૩૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર શહેર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

દહેગામ તાલુકામાં અર્બન વિસ્તારમાંથી ૧ કેસ અને ૧ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળ્યો છે. અર્બન વિસ્તારમાંથી ૪૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જ્યારે ખરખડીયા ગામેથી એક ૨૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. દહેગામના અંતરિયાળ ગામોમાંથી કેસો મળતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ પાંચ કેસ અને અર્બન વિસ્તારમાંથી વધુ ૪ કેસ મળી આવતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે હાજીપુર ગામેથી ૫૯ વર્ષીય પુરૂષ, ખાત્રજમાંથી ૨૯ વર્ષીય યુવાન, છત્રાલમાંથી ૪૮ વર્ષીય પુરૂષ, ધમાસણા ગામેથી ૪૧ વર્ષીય પુરૂષ અને ખોબા ગામેથી ૨૨ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે અર્બન-૨ વિસ્તારમાંથી ૭૫ વર્ષીય વૃદ્ધ, ૫૦ વર્ષીય પુરૂષ અને ૫૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લામાં આજે કોરોના સંક્રમણમાં સૌથી વધુ યુવાઓ સંક્રમિત થયા હોવાથી તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. જિલ્લાના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૪૭૪ દર્દીઓ કોરોના મુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૧૭૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૨૦,૧૮૩ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

# સ્ટોર્મ વોટર લાઈનના ગાબડા સાથે ઉભરાતી ગટરોથી નાગરિકો પરેશાન

**દાયકાઓ જુની લાઇનને બદલવાનુ પણ ટુંકમાં કામ શરૂ થશે : તંત્રને પણ ગટર લાઇનની ઢગલો ફરિયાદો મળે છે**

ગાંધીનગર તા ૭

શહેરના સેકટરોમાં દાયકાઓ જુની ગટર લાઈનના લીધે દુષિત પાણી ઉભરાતા હોવાની ફરિયાદો અનેકવાર ઉઠવા પામે છે. અપુરતા મેન પાવર અને મશીનરી વચ્ચે કામ કરતા તંત્ર પાસે પણ રોજબરોજ ઢગલાબંધ ફરિયાદો આવે છે. ત્યારે સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં નવી ગટરલાઈન નાંખવાની કામગીરી પણ ટુંકમાં હાથ ધરાશે પરંતુ હાલ વરસાદી દિવસોમાં સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામ સાથે ઉભરાતી ગટરો આમ નાગરિકો માટે શિરદર્દ સમાન બની છે. તંત્રને પણ ગટરો ઉભરાવાના મામલે રોજબરોજ ઢગલો ફરિયાદો મળે છે.

ગાંધીનગરના સેકટરોમાં હાલ ઠેર ઠેર ગટરો ઉભરાવાની ફરિયાદો પણ વધી છે. સેકટરોમાં ઘર આંગણે દુષિત પાણી ભરાતા હોવાની ફરિયાદો સાથે સ્થાનિકોમા પણ રોષ પ્રવર્તયો છે. તંત્ર દ્વારા હાલ ફરિયાદના અનુસંધાને પગલા પણ લેવાય છે. પરંતુ દાયકાઓ જુની ગટર લાઈન સેકટરની વસતી મુજબ હવે પર્યાપ્ત નથી સેકટરોમાં ગટરોના મેઈન હોલ પણ તુટતા હોવાની ફરિયાદો વારંવાર ઉઠવા પામે છે. સેકટરોમાં ગટર લાઈનની ફરિયાદો પાછળ નાગરિકોની જાગૃતિનો અભાવ પણ જવાબદાર છે. તંત્ર પાસે હાલ ફરિયાદોને ડામવા પુરતો મેન પાવર અને મશીનરી નથી છતા હાલના સંજોગોમાં ઉભરાતી ગટરો અને વરસાદી દિવસોમાં પડતા ગાબડા નિવારવા માટે તંત્ર કામે લાગ્યુ છે. શહેરના સેકટરોમાં દાયકાઓ જુની ગટર લાઈનમાં વારંવાર ગાબડા પડવાની સાથે લાઈન ચોક અપ થઈ જતી હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. ત્યાર સ્માર્ટ સીટીના પ્રોજેકટ અંતર્ગત શહેરના સેકટરોમાં નવી લાઈન નાંખવા માટે પણ આગામી દિવસોમાં કામગીરી શરૂ કરી દેવાશે. નવી લાઈન નાંખવા માટે કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવશે જેથી આગામી વર્ષમા શહેરમાં ગટરો ઉભરાવાની ફરિયાદોનો પણ મહદઅંશે અંત આવશે શહેરના જુના અને નવા સેકટરોમાં સોસાયટીના ઘર આંગણે જ ગટરના દુષિત પાણી ઉભરાવાની સાથે ગટરના ઢાંકણો તુટી ગયા હોવાનો કકળાટ પણ ઉઠવા પામ્યો છે. વરસાદી દિવસોમાં સ્ટાર્મ વોટર લાઈનના આડેધડ ખોદકામની સાથે ગટર લાઈનની ફરિયાદો પણ સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે.


કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા.૨૦૦૦/-

સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા.૫૦૦/-

ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ

અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.

પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com


# ગાંધીનગર તાલુકા પંચાયતના નવ અને જિલ્લા પંચાયતના એક સભ્યનું સભ્યપદ છીનવાયુ

**શહેરની હદ વધતાં સરકારે કરેલો નિર્ણય : જાહેરનામુ પ્રસિદ્ધ થયુ**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરની ભૌગોલિક હદમાં ફેરફાર કરવાના નિર્ણય પછી રાજયના પંચાયત વિભાગે આજે તાલુકા પંચાયતના નવ સભ્યો અને જિલ્લા પંચાયતના એક સભ્યની સેવાઓ સમાપ્ત કરવાનો નિર્ણય કરી તે અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરતાં જ જિલ્લાના રાજકારણમાં રાજકીય સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

તાલુકા પંચાયતના નવ સભ્યોએ તેમનુ સભ્યપદ ગુમાવ્યુ છે તેમાં ભાજપના ૬ અને કોંગ્રેસના ૩ સભ્યોનો સમાવેશ થાય છે. જ્યારે ગાંધીનગર જિલ્લા પંચાયતની કુડાસણ બેઠક રદ થઈ છે અને તેના સભ્ય બેચરજી ઠાકોરનું સભ્યપદ પણ રદ કરવામાં આવ્યુ છે. તાલુકા પંચાયતના નવા પ્રમુખની ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્ર ભરવાના છે તેની પૂર્વ સંધ્યાએ જ આ જાહેરનામુ જિલ્લાતંત્રને મળ્યુ છે અને જિલ્લાતંત્ર પણ આને લઈ હરકતમાં આવ્યુ છે.

તાલુકા પંચાયતની ચૂંટણી માટે હવે કોંગ્રેસ માટે વિજય નિશ્ચિત માનવામાં આવી રહ્યો છે. આજ સવાર સુધી બન્ને પક્ષના સભ્યોની સંખ્યા ૧૮-૧૮ થતી હતી હવે નવ સભ્યોના સભ્યપદ સમાપ્ત થતાં ભાજપના સભ્યોની સંખ્યા ઘટીને ૧૧ થશે જ્યારે કોંગ્રેસના સભ્યોની સંખ્યા ઘટીને ૧૫ થશે.

જિલ્લા અને તાલુકામાં હવે નવા રાજકીય સમીકરણો ઉભા ઝડપથી થશે તેવા સંકેતો મળી રહ્યા છે. તાલુકા પંચાયતની મુદત પૂર્ણ થવામાં હજુ અઢી વર્ષનો સમયગાળો બાકી છે ત્યારે પ્રમુખ પદની ચૂંટણીને લઈ કેવા સમીકરણો બને છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

તાલુકા પંચાયતની જે નવ બેઠકો પરના સભ્યોના સભ્યપદ સમાપ્ત કરવામાં આવ્યા છે તેમાં વિપક્ષના નેતા કુબેરજી ગોલ, પૂર્વ ઉપપ્રમુખ નંદુભાઈ પટેલ, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન પ્રકાશભાઈ વાણિયા, તા.પં.ના વર્તમાન પ્રમુખ શોભનાબેન વાઘેલાનો પણ સમાવેશ થાય છે.

ભાટ, કોબા, કોલવડાની બે બેઠકો, કુડાસણ, પોર, રાંધેજા, વાવોલ અને ઝુંડાલ બેઠકનો સમાવેશ થાય છે. આ નવ બેઠકો પર છ મહિલા સભ્યો વિજયી બની હતી.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com